સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

મળ્યું ન ગંગાજળ, કોઈ કાંધ પણ મળી નહિં !
મળ્યાં ન કોઈ કુટુંબી ને, ઓથ પણ મળી નહિં !
મળ્યો ન શિખા- અગ્નિ, કોઈ વિધિવિધાન પૂર્વક -
સાર્યાં ન આંસુ કોઈએ, અંજલિ પણ મળી નહિં !!
(કોરોના મૃતકોને 'સુપ્રભાતમ્'ની હૃદયાંજલિ)

હાઈકુ

રિલાયો દેહ -
ભ્રષ્ટાચારી હવામાં -
મૂંઝાયો શ્વાસ !!

ફૂટ્યું નશીબ,
તૂટ્યું આરોગ્ય તંત્ર -
ખૂટ્યું આયુષ્ય !

ચિંતન

કારણત્વેન આકાશાદિષુ યથાવ્યપદિષ્ટોક્તે : ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આકાશાદિ કોઈપણ ક્રમથી રચાતા કે પ્રાદુર્ભાવ પામતા પદાર્થોમાં કારણરૂપે તો સર્વત્ર એક જ વેદાંતવર્ણિત પરમાત્માનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

જગતના કારણ વિશે ક્યાંક સત્ માંથી એની ઉત્પત્તિ બતાવી છે, તો ક્યાંક અસત્ માંથી. ક્યાંક આકાશ ની ઉત્પત્તિ બતાવી છે, ક્યાંક તેજની કે પ્રાણની, એવી રીતે વર્ણનભેદ હોવાથી ચોક્કસપણે એવું ના કરી શકાય કે જગતનું કારણ અમુક છે અને એની ઉત્પત્તિનો ક્રમ અમુક જાતનો છે.

આકાશાદિ સઘળા પદાર્થોનું ને સમસ્ત જગતનું એકમાત્ર કારણ પરબ્રહ્મ પરમાત્મા જ છે ને બીજું કશું જ નથી. 'પરમાત્મા માંથી આકાશ થયું ' (તૈત્તિરય ઉપનિષદ), ''તેણે તેજની રચના કરી'' (છાંદોગ્ય ઉપનિષદ), '' એણે પ્રાણની સૃષ્ટિ કરી '(પ્રશ્ન ઉપનિષદ)' એવા વર્ણન પરથી ભેદભાવ તારવાને બદલે, એને સાથે લઈને એક જ પરમાત્માએ આકાશ, તેજ, પ્રાણને સમસ્ત જગતની રચના કરી એવું સમજવાની જરૂર છે.

સુવિચાર

- દેવાવાળો દેશે, જોવાવાળો જોશે, તું તારું કામ કરે જા !!

કીડીને કણ અને હાથીને મણ દેવા વાળો જગન્નાથ ખડે પગે છે - **પૂજ્ય મોટા**

- વાંચે તે વિચારે, વિચારે તે વર્તે, સદાચારે સોહે શીલ-સંસ્કાર - **જીવન પાથેય**
- હાલની મોટાભાગની સમસ્યાઓનું મૂળ છે '' સુસંસ્કારોનો દુષ્કાળ'' - **બોધિવૃક્ષ**
- સત્ય જો સલામતી શોધીને સંતાતુ ફરશે તો અસત્ય ચોક્કસ ફાવી જશે - **સંત જહોન**
- સ્વાર્થી સંસારની વરવી વાસ્તવિકતા અહીં સગા પણ દગા રમી શકે છે - **મુનિ વિજયરાજ રત્નસૂરી**
- રોડ પરના વાહનવ્યવહારનો શો ધર્મ છે ? કે અથડાશો તો મરી જશો - **સ્વામી અધ્યાત્મનંદજી**
- આજનું ઔષધ : તલના તેલમાં નારિયેલના છોડાની રાખ મિક્સ કરી તે પેસ્ટ માથામાં લગાવવાથી ખોડો મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

યયાતિ એ પોતાના પુત્રને રાજ્ય સૌથી પોતે વનમાં જઈને તપ કરવા લાગ્યા. કઠોર તપના ફળ સ્વરૂપે તેમને સ્વર્ગની પ્રાપ્તિ થઈ. એમનું તપ કઠોર અને પ્રભાવી હોવાથી ઈન્દ્ર પોતે એમને પોતાની બરાબર બાજુમાં જ આસન આપતા. આ વાત બીજા દેવોને પણ પસંદ ન હતી. એક દિવસ ઈન્દ્રે યયાતિને કહ્યું '' તમારું પુણ્ય અનંત છે અને ત્રણેય લોકમાં પ્રસિદ્ધ છે. તમારી સરખામણી ત્રણેય લોકમાં કોઈ કરી શકે એમ નથી. મને એ જણાવો કે તમે એવું ક્યું કઠોર તપ કર્યું છે કે જેના પ્રભાવથી તમે બ્રહ્મલોકમાં પણ ઈચ્છાઅનુસાર રહી શકો છો. '' ઈન્દ્રના આ ચતૂર પ્રશ્ને સમજવામાં યયાતિ થાપ ખાઈ ગયા. યયાતિએ જવાબ આપતાં કહ્યું '' હે દેવ, મનુષ્ય, ગંધર્વ અને ઋષિઓમાં કોઈ એવું નથી, જે મારા જેટલું તપસ્વી હોય.'' અહંકારથી ભરેલો યયાતિનો જવાબ સાંભળી ઈન્દ્રએ આદેશ કર્યો '' મુનિવર, તાત્કાલિક મારી સમકક્ષ આસન પરથી ઊઠી જાઓ. પોતાની પ્રશંસા પોતાના જ મોઢે કરીને તમારા બધા જ ગુણનો નાશ કર્યો છે. દેવ, માનવી, ઋષિઓએ ક્યા ક્યા તપ કર્યા છે. એ જાણ્યા વગર તેમની સાથે પોતાની સરખામણી કરીને તેમનું અપમાન કર્યું છે. હવે તમારે સ્વર્ગમાંથી વિદાય લો.'' પોતાની જ પ્રશંસા કરીને યયાતિએ પોતાના પુણ્ય ફળને સમાપ્ત કરી દીધું અને તેમને સ્વર્ગમાંથી હાંકી કઢાયા.

સાર એ છે કે બીજા દ્વારા પ્રશંસા થવી ઉત્તમ છે, કેમ કે આજ મહાનતાનું લક્ષણ છે. આત્મપ્રશંસા નાનપ નું લક્ષણ છે.

અંતર્નિહિત સદ્વૃત્તિઓને મોકળાશ અર્પતું 'કોરોના પર્વ'

તંત્રીસ્થાનેથી...

ચૈત્રી નવરાત્ર અને રમજાનની જૂગલબંદી વચ્ચે ભીષણ કોરોના પ્રકોપ માનવીની અંતર્નિહિત સદ્વૃત્તિઓને મોકળાશ આપી રહ્યો છે. વડોદરામાં જહાંગીરપુરા મસ્જિદને એના શાણા અને માનવતાવાદી ટ્રસ્ટીઓએ કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરી દીધી છે. મસ્જિદ હોય કે મંદિર, ચર્ચ હોય કે ગુરુદ્વારાઃ આખરે એ ઈશ્વરની બંદગીનાં સ્થાનક છે. જહાંગીરપુરા મસ્જિદના ટ્રસ્ટીના જ શબ્દોમાં કહીએ તો અલ્લાહનું ઘર અલ્લાહના બંદાઓને સમર્પિત કર્યું છે. હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ - બધા આખરે તો અલ્લાહના બંદા છે. જ્યારે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દી માટે ખાટલો કે ઓક્સીજનનો બાટલો ન મળી રહેતો હોય ત્યારે ધાર્મિક સંસ્થાઓ તાળાં મારીને કોરોના ગાઈડલાઈનને અનુસરે એટલું પૂરતું નથી. એમણે જહાંગીરપુરા મસ્જિદના સંચાલકોમાંથી ધડો લઈ પોતાનાં ટ્રસ્ટોની તિજોરીઓ અને પ્રતિષ્ઠાનો હસ્તકની બિલ્ડિંગો દર્દીઓની સેવા માટે ખુલ્લી મૂકી દેવી જોઈએ. રામનવમીની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ કોરોનાના ભીષણ પ્રકોપ સામે બધાએ હિંમતપૂર્વક અને સંકલ્પપૂર્વક આ પાર કરે પેલે પારની લડાઈ લડી લેવા તૈયાર રહેવા હાકલ કરી છે. એમણે કોરોના વોરિયર્સને બિરદાવ્યા છે અને પ્રજાએ સમજણપૂર્વક સ્વયંશિસ્તનાં જે પગલાં ભરવા માંડ્યાં છે એના પણ વખાણ કર્યાં છે. આ એક લાંબી ચાલનારી લડાઈ છે જે એકલી સરકારના આશ્રયે લડી શકાય એમ નથી. રસીકરણ એ જ એનો તરણોપાય છે. રસીનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય એ માટે સરકાર તથા રસીઉત્પાદકો કાર્યરત છે. વિદેશી રસી પરની ડ્યુટી પણ ઘટાડી દઈ સરકારે રસીની આયાતને છૂટો દોર આપ્યો છે. લોકડાઉનનો વિકલ્પ છેલ્લો જ હોવો જોઈએ એ વાતે તો ગયા વર્ષના કડવા અનુભવ પછી બધા જ વધતા ઓછા અંશે સહમત થશે. લોકડાઉનની ફલશ્રુતિ દેશને આર્થિક પાચમાલીમાં ધકેલી દેનારી નીવડી છે. એટલે વડાપ્રધાન આ મુદ્દે શક્ય ત્યાં સુધી લોકડાઉન નહીં નાખવાનો મત ધરાવે છે જો કે રાજ્યોને પોતાની સ્થાનિક પરિસ્થિતિ અનુસાર લોકડાઉન અમલી બનાવવાની છૂટ છે જ. મહારાષ્ટ્ર પાસે એ સિવાય બીજો વિકલ્પ જ નથી બચ્યો અને ગુજરાત પણ કદાચ આજે નહીં તો કાલે - એ દિશા તણી અગ્રસર છે. દિલ્હીમાં તો એનો અમલ શરૂ કરી જ દેવો પડ્યો છે. શ્રમિકોને રોજગાર અને રસી બંને મળી રહે તે જરૂરી છે. તંત્ર આ મુદ્દે સદંતર નિષ્ફળ રહ્યું છે. રોજગાર દાતાઓ એચલી ઉદારતા નથી દાખવી શક્યા તે હકીકત છે. શ્રમિકો વતન તરફ હિજરત કરવા લાચાર બની રહ્યાં છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ બધી જ કેડરના તમામ તબીબો અને એમનાં ખાનગી જાહેર દવાખાનાં - ક્લિનિક કે હોસ્પિટલોને કોરોના દર્દીઓની સેવા માટે 'અભરામ નંદાવે' મુક્તિ આપી દીધી છે. સરકારની મંજૂરી લેવાની રહેશે જ નહીં, ફક્ત કલેક્ટરને જાણ કરવાની રહેશે. એમણે તજજ્ઞ તબીબોથી લઈ કલાસ ફોર સુધીના કોરોના વોરિયર્સને ઉદારતાપૂર્વક વળતર ચૂકવવાની જાહેરાત કરી છે, જેનો અમલ જુલાઈના અંત સુધી રહેશે. ટુંકમાં સરકારે હવે પ્રજાકીય પરિબળોને કોરોના સામે સીધાં જ મેદાનમાં ઊતરવા આહ્વાન કર્યું છે. યાદ કરો એ દિવસો જ્યારે નોકરશાહો તજજ્ઞ તબીબોને દબડાવતા હતા, એમનાં દવાખાનાં બંધ રાખવા ફરજ પાડતા હતા ! નોકરશાહી સરિયામ નિષ્ફળ ગઈ છે - એનું આ પૂરતું પ્રમાણ નથી શું ?

ચૈત્ર માસ એટલે ઉત્સવોની હારમાળા...

લાગણીનો મેળો

રસિક વાળંદ

આકાશ માથે ધ્રુવ તેજ ઢોળે,
એવો તપે છે ઈતિહાસના ખોળે.
ઝાંખો, જૂનો, જીર્ણ છતાં અનસ્ત,
આ આર્યની ભૂમિ તણો પ્રકાશ !

- કવિશ્રી ન્હાનાલાલ

●●●

ચૈત્ર માસ એટલે પવિત્ર મહિનો... ચિત્રા નક્ષત્ર વાળો માસ, મધુમાસ, સૌર માસ, વિક્રમ સંવત્સરનો છઠ્ઠો અને શાલિવાહન સંવત્સરનો પહેલો મહિનો.

ચૈત્ર માસ એટલે ઉત્સવોની હારમાળા... ચૈત્ર સુદ પ્રતિપદા - 'ગુડી પડવો', ચૈત્ર સુદ બીજ - ચેટીચાંદ, ચૈત્રી નવરાત્રીની ઉપાસના, રામનવમી, સ્વામીનારાયણ જયંતિ, મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજી જયંતિ, મહાવીર જયંતિ, હનુમાન જયંતિ...

ભારતીય સંસ્કૃતિ પર્વપ્રધાન છે. પ્રદેશે પ્રદેશે નોંખો - ન્યારાં પરંપરાગત પર્વો રાષ્ટ્રીય ઐક્યનું સર્જન ને સંવર્ધન કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આપણા પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ માનવજીવનનું ધ્યેય કે સાર્થક્ય માત્ર ભોગલાલસાને ઐહિક સુખોપભોગ જ નહીં બલ્કે જીવનની ઉદાત્તતા દ્વારા 'સત્યં શિવં સુંદરમ્' નો સાક્ષાત્કાર કરવામાં જ જીવનનું સાર્થક્ય સમાયેલું છે એવો એમનો અભિપ્રાય હતો. પ્રજા પર્વો પાછળનું સામાજિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહાત્મ્ય જાણે સમજે એવો શાશ્વત સંદેશ ગૂંથી લીધો છે, પરંતુ દુઃખની વાત એ છે કે પશ્ચિમી ઝાકઝમાળની આંધળી ઘેલછામાં અંજાયેલી આજની યુવા પેઢી ભારતીય સંસ્કૃતિની સચ્ચાઈ, હકીકત, ઈતિહાસથી અજાણ રહી છે.

હમણાં જ મહારાષ્ટ્રીન લોકોએ 'ગુડી પડવા'નું પર્વ ઊજવ્યું. આમ તો આ હિન્દુ નૂતન વર્ષ પ..ણ... ચૈત્ર સુદ એકમ ને આપણે નવું વર્ષ ગણી છીએ ખરા !! આપણને તો ૩૧ ડિસેમ્બરની મધરાત જ કોઠે પડી ગઈ છે !!! માગસરથી લઈને એકમ, પૂનમ, અમાસની આ પેઢીને કંઈ ખબર ખરી ? આ બધું આ નવી પેઢીને કોણ શીખવશે ? છતાં આ ભાતીગર દેશમાં ઘણાં રાજ્યો, ઘણા સમાજો આપણી હિન્દુ પરંપરાને સુરક્ષિત રાખી છે... આનંદથી વધાવે છે ને ભક્તિભાવપૂર્વક ઊજવણી પણ કરે છે.

આ વર્ષે પર્વો - તહેવારો ફિક્કા રહ્યા. કોરોના એ માહોલ અને મૂડ બગાડી દીધો. તહેવારો વિશે એવું કહેવાય છે કે તહેવારો, ઉત્સવો, પર્વો આપણને રૂટિન લાઈફ માંથી બ્રેક આપે છે. આપણી જિંદગીમાં નવું જોમ અને ઉત્સાહ ભરે છે. જિંદગી આપણને એ જ શીખવે છે કે, જે ગયું એ ભૂલીને આગળ વધો. જીવનમાં કેટલાયે ઘા-આઘાતો એવા હોય છે જે આસાની થી ભૂલાતા નથી. છેલ્લા થોડાક સમયમાં માણસે કલ્પના પણ ન કરી હોય એવી ઘટનાઓ નજર સમક્ષ નિહાળવી પડી છે. કોરોના એ ઘણાના સ્વજનો છીનવી લીધા. જે લોકો કોરોનાના ખપ્પરમાંથી હેમખેમ બહાર આવ્યા છે એ લોકો પણ વિચિત્ર માનસિકતામાંથી પસાર થયા છે. જે લોકો સાજા-નરવા રહ્યાં છે એમણે પણ પોતાના સ્વજનોને વિકટ સંજોગોમાં પસાર થતાં જોયાં છે. આખું જગત એક સાથે એકસરખા કપરા સંજોગોનું શિકાર બન્યું છે.

દોસ્તો, સમય જેવો કોઈ શિક્ષક નથી. ખરાબ સમય સારા સમયની કદર કરતાં શીખવી જાય છે. સાથે સાથે માણસની ખરી કસોટી કપરાકાળમાં થતી હોય છે. આજકાલ ચોરેચૌરે એક વાતનો ઉદ્ગાર સાંભળવા મળે છે કે આવો સમય તો ક્યારેય નથી જોયો. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાબિત કરી બતાવ્યું કે સમય એ ચોથું પરિમાણ છે. આ સમય એવું પરિમાણ છે કે ભલભલા ધુરંધરોને પણ એમનું પાણી બતાવી દે છે. સમય આગળ માણસ એક તુચ્છ તણખલું જ છે. જે સમયને ઓળખી જાય છે, સમયને પચાવી જાય છે એવા સમર્થજનો જ ઈતિહાસ રચી જાય છે, બાકી ગમે તેવો મહાન શાસક કે સરમુખત્યાર પણ સમય જતાં ભૂતકાળ જ બની જતા હોય છે.

સમયની સામે આંખમાં આંખ મીલાવો... પામો... સમજો... સમયને ઓળખવો જરૂરી છે. સમયથી ડરીને કે ગભરાઈ જવાથી તો વહેલા કાળગ્રસ્ત થઈ જવાશે. આ સમય પણ વહી જશે... પણ માનવમનની ખાસીયત છે કે સમય પસાર થયા પછી જ કંઈક શીખે છે... અરે, વિચારકો તો એમ કહે છે, સમય તો સ્થિર છે, આપણે પસાર થઈ જઈએ છીએ... આપણે તો નિયતિનાં પ્યાદાં જ છીએ. પેલી પ્રચલિત ઉક્તિથી સૌ વાકેફ છે, '' સમય સમય બલવાન, નહીં મનુખ્ય બલવાન, કાબે અર્જુન લૂંટીયો વહી ધનુષ વહી બાણ.'' ખરેખર વિરત્વ, કૌશલ્યના પર્યાય સમો અર્જુન પણ કાબાના હાથે લૂંટાયો છે... જીવન એક દ્વન્દ્વ છે. ચડતી-પડતી, સારું-નરસું, સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા... આ બધુંએ સમયનો જ ખેલ છે. રમત છે.... થોડી સાવધાની, સમયસૂચકતા, ખેલદિલી રાખી ખેલ ખેલી લેવો જ ઈષ્ટ છે.

સ્પર્શમણિ

જે કદી હરામનાં કામ ન કરે એવા વ્યક્તિને
સાચા દિલથી રામ-રામ કરાય.

●●●

કદાચ આપણી મિલકતના વારસદાર ઘણા હોઈ શકે પણ કરેલા કર્મોના કરજદાર આપણે પોતે જ છીએ.

●●●

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

વિચારકનું લેખકમાં પરિવર્તન એ કોલમ અને કલમ ની કમાલ હોય છે

અબીલ-ગુલાલ

મમતા રાવલ

આજે લખવા માટે મન-શરીર સહમત નથી. પણ બુદ્ધિ કહે છે લખવું જોઈએ. આજના દિવસે અબીલ - ગુલાલ કોલમને ૩ વર્ષ પુરા થઈ રહ્યા છે. મહિનો, તારીખ અને ગુરુવારનો સુંદર સુયોગ આજે થયો છે. કોલમના જન્મદિને તો લખવું જ જોઈએ એ વિચાર સાથે પેન ઉપાડી છે.

અત્યારની કોરોનાની પરિસ્થિતીએ મનમાં સૂનકાર સર્જયો છે. એને વશ નહીં થવાના ધમપછાડા ચાલુ જ છે તો પણ હૃદયમાંથી ઝરતું સ્ફુરણાનું ઝરણું કંઈક અંશે પાતળું પડી ગયેલું જણાય છે. 'જીદ કરો, દુનિયા બદવો' ના નારા સાથે આપ સહુ વાંચકો ને ગુલાલી છાંટણા અને સહુની ખેરિયત ની કામના.

મારા વિચારો કોલમમાં કેદ થવાની ઘટના એક સુખદ અકસ્માત હતો જાણે !! એની સાથે -સાથે બીજા અનેક દુઃખદ - સુખદ અકસ્માતો નો દોર આ તમામ વર્ષો ચાલુ રહ્યો. પણ આ કોલમની કેદ એ હદે પ્રિય હતી કે બીજું અનેક ગુજરવા છતાં કલમનો સાથ કાયમી બન્યો. જે પણ કંઈ લખાય છે માત્ર સ્વ ના વિચારોની અભિવ્યક્તિ છે. આ તક મળે એ બધા લેખક એવું હંમેશા નથી હોતું. એવી કોઈ ખાંડ ખાધા વિના, નમ્રપણે, મન - હૃદય - સંવેદના - ભાવના - વિરોધ ના વિચારોને હંમેશ સહુ સમક્ષ વહેતા મૂક્યા છે. આ લેખન પ્રક્રિયા દરમ્યાન મને, 'હું ' ને શોધવામાં મોટી મદદ મળી છે એમાં અખબાર અને વાંચકોના પ્રેમાળ પ્રતિભાવનો મોટો ફાળો છે. આ તબક્કે અનુભવાતી વિચારોની પુખ્તતા અને સ્થિરતા નો યશ 'અબીલ - ગુલાલ' ને આભારી છે. એવું કહેવું અતિસયોક્તિ નથી. વિચારકનું લેખકમાં પરિવર્તન એ કોલમ અને કલમની કમાલ હોય છે એવું જોવાયું છે. લખવા માટે વિચરોની લહેરો પર સર્ફિંગ કામ આવતું નથી. વિચારોના સાગરમાં ડૂબકી લગાવીને જે વિચાર મોતી હાથ લાગે એ પુસ્તકરૂપી ઘરેણાંમાં સ્થાન પામે છે. આવા કંઈક મહામૂલા વિચાર મોતીઓ ના સંગ્રહ સમા ગ્રંથો - પુસ્તકો વાંચન માટે ઉપલબ્ધ છે.

વિચારકોની એક અલગ દુનિયા છે. મનની, સંવેદનોની દુનિયામાં ઝીલાતી સારી -નરસી ઘટનાઓ - પ્રસંગોને ઉંડાણથી અનુભવી જે સ્વરૂપ આપી શકે છે એ વિચારક છે. આ વિચારો, દૃષ્ટિકોણ અને રજૂઆત દરેક વ્યક્તિના આગવા હોવાને કારણે તેમાં તાજગી અનુભવાય છે. અવનવી રેસીપી જેમ જીભના સ્વાદને સંતોષે છે, પોષે છે એમ વિચારોની રેસીપી મનની ભૂખ મીટાવે છે, જીવનને પોષે છે - ટકાવે છે અહીં રેસીપી બનાવનાર અને આરોગનાર બંનેની ભૂખ મટે છે એ બમણાં ફાયદો છે.

પત્રો લખાતા ત્યારે લખનાર અને વાંચનાર બંને માટે આત્મિય અનુભૂતિ રહેતી. એ પત્રો જયારે વાંચીએ ત્યારે મન- હૃદય અને છેક આત્મા સુધી તૃપ્તિનો અહેસાસ અનુભવાતો. એ તૃપ્તિ જીવનમાં પ્રેમ - પ્રસન્નતાના સંચારનું કારણ બની રહેતી.

હવે પત્રો નહીં પણ પોસ્ટ લખાય છે. જે પ્રેમ કરતાં વધુ પ્રચારનું માધ્યમ છે. + નું ચિન્હ મૂકી - મૂકી ને લખાતી પોસ્ટ, જાણે કીડી -મંકોડાને એક નાની જગ્યામાં ભેગા કયા હોય એવો આભાસ આપે છે. હશે, કદાચ આવું લખાણ 'થોડા માં ઘણું, સિધ્ધાંત આધારિત હશે. પરંતુ ઘણામાં પણ જેને થોડું પડતું હોય એવા વ્યક્તિઓ માટે પોસ્ટની શબ્દોની મર્યાદા કઠતી હોય છે. અભિવ્યક્તિ માટે ડાયરી લેખન પણ એક સારું માધ્યમ બની રહે છે.

અવનવું વાંચવાનો, વાંચન સામગ્રી ભેગી કરવાનો, સંગ્રહ કરવાના શોખ ની કેડી કંઈક લખવાની સ્પષ્ટતા સુધી પહોંચાડે છે એ જાત અનુભવ છે. મિત્રો બનાવવા માટે વલખા મારવા કરતાં કલમને પોતાની મિત્ર બનાવવી એ શ્રેષ્ઠ રસ્તો છે. હંમેશા મિત્ર બનીને સહારો આપનારી, વ્યથા - દુઃખ - આનંદને ઝીલનારી તેમજ તેને માર્ગ આપી હળવાશ બક્ષનારી કલમ ક્યારેય મોં બગાડતી નથી કે આઘાત આપતી નથી. કલમ જેવો વફાદાર સાથી આ દુનિયામાં કોઈ નથી. મિત્રને સંભાળવા માં, વ્યક્ત થવામાં મદદરૂપ થવામાં એ ખર્ચાઈ જાય છે, ઘસાઈ જાય છે.

જેની સંવેદના જવલનશીલ છે એનો સાથ કદાચ માણસો ને દબાડી શકે છે. પરંતુ કલમ એની ટેકેદાર બની એની ધગધગતી સંવેદનાને સુંદર આકારમાં ઢાળવામાં મદદ કરે છે.

આ લખતા સમયે અનેક લેખકો, સાહિત્યકારો, ફિલ્મ લેખકો, નાટ્ય લેખકો આ ઉપરાંત ચિત્રકાર, આર્કિટેક્ટસ, ડિઝાઈનર્સની યાત્રાની વાત મન પર ઉપસી રહી છે. કોઈક નું ગુરુર, કોઈકના દેશપ્રેમ, કોઈકની ઘેલછા, કોઈકનો ગુસ્સો, કોઈકની વેદના, કોઈકની પ્રેમકહાની એ દુનિયા ને કેવા અદ્ભૂત સર્જનોની ભેટ આપી છે, મોટાભાગના સર્જનોમાં કલમ કેન્દ્રસ્થાને હોય છે. હવે કદાચ એ કોમ્પ્યુટરના કી-પેડ સ્વરૂપે પણ કોઈ શકે. કલમનો આર્શીવાદ પામનાર, એનો સાથ પામનાર વ્યક્તિ ચોક્કસ ભાગ્યનો ધની છે.

હે ભગવાન !

લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

તમે પૂરા આસ્તિક બનો કે પછી સંપૂર્ણ નાસ્તિક બનો પણ બંનેની વચ્ચે રહીને બધાને મૂંઝવણમાં ના મૂકો. ભગવાન તમારી વાત માની લે, તમારા મનની ઈચ્છા તરત પૂરી કરી દે તો એ છે નહીંતર નથી, આ કેવું? ભગવાન કોઈ ઈચ્છાપૂર્તિ યંત્ર નથી.

એક વખત એક ભાઈને ઈશ્વર ઉપર ખૂબ શ્રદ્ધા હતી. એ જે નક્કી કરે તે સહેજ પ્રયત્ન કરતા જ એમને મળી જતું. ધીરે ધીરે એમને થવા લાગ્યું કે મારા માટે ભગવાન હાજરા હજૂર છે. હું કહું કે તરત મારી વાત ઈશ્વર સાંભળી લે છે. એક દિવસ એ ભાઈ વડના ઝાડ નીચે બેસી એમના એક મિત્ર સાથે વાત કરી રહેલા. વાત વાતમાં એમણે કહ્યું કે, ''હું ધારું તો ઈશ્વર આ વડના ઝાડ પરથી મને કેરી ખવડાવે.×

એમનો મિત્ર પણ જિદ્દી નીકળ્યો એ કહે તારી વાત સાબિત કર તો માનું. હવે ભાઈ થોડા સલવાણા પણ એમ વાત પડતી થોડી મૂકી દેવાય, મિત્ર આગળ ઈજ્જત શું રહી જાય? એમણે નક્કી કર્યું કે હવે તો ગમે તે થાય પોતે વડના ઝાડ નીચેથી ત્યારે જ હલશે જ્યારે ત્યાંથી કેરી ખાવા મળશે. એ ભાઈ પલાંઠી વાળીને બેસી ગયા અને મનોમન ઈશ્વરનું સ્મરણ કરતા એમને વડ પરથી ટેટાને બદલે કેરી ખાવા મળે એવી પ્રાર્થના કરવા લાગ્યા.

જ્યારે આ સૃષ્ટિનું નિર્માણ થયું ત્યારે એ નિર્માણ કરનારે કેટલાક નિયમો બનાવેલા અને આ દુનિયા સીધી રીતે ચાલતી રહે તે માટે એ નિયમો ભાગ્યે જ બદલાય છે. તમે જ વિચારો ગમે તે ઝાડ તમારી ઈચ્છા મુજબ ફળ આપવા લાગે તો દુનિયાની હાલત શું થાય?

પોતાના અબૂધ ભક્તો તરફ પણ ભગવાન પ્રેમભાવ રાખે છે. ભગવાને એક છોકરાને મોકલ્યો જેના હાથમાં ફળ ભરેલી થાળી હતી. તેણે વડ નીચે આવી એ ભાઈની સામે થાળી ધરી કહ્યું, ''લો ભાઈ તમને પસંદ આવે તે ફળ લઈ લો, સામેની દુકાનમાં કથા કરી એનો પ્રસાદ છે.× ભાઈએ જોયું કે થાળીમાં કેળા, સફરજન અને કેરીઓ હતી. ભાઈનો હાથ કેરી તરફ લંબાયો જ હતો કે એના મિત્રે ટકોર કરી, ''આ ચિટિંગ છે, વડના ઝાડ ઉપરથી કેરી પડે તે ખાવાની વાત હતી.× ભાઈને પણ મિત્રની વાત યોગ્ય લાગી. મનમાં ભગવાનનું પારખું કરવાની, પોતાની ભક્તિની શક્તિ બતાવી આપવાની લાલસા જાગી. એમણે કેરી ના લીધી.

સવારની બપોર થઈ. ધોમધખતા તાપમાં બે મિત્રો બેઠા બેઠા વડના ટેટાને તાકી રહ્યા છે. ભગવાનનો ફરી જીવ બળ્યો. થયું ભક્ત નાદાન છે પણ એણે મારા ઉપર ભરોસો મૂક્યો એટલે કાંઈક તો કરવું પડશે. એક પોપટ ઉડતો ઉડતો આવ્યો અને વડના ઝાડ ઉપર જ્યાં ફળ લાગેલા હતા એ જ ડાળી ઉપર બેઠો. એની ચાંચમાં એક ડાળી પકડેલી હતી જેના છેડે કેરી લટકી રહેલી. પોપટના મોઢામાંથી એ ડાળી છટકી ગઈ અને કેરી આવીને સીધી ભાઈના ખોળામાં પડી. આ વખતે એ બંને મિત્રની નજર ઝાડ ઉપર ગઈ. પોપટ ત્યાંથી ઉડી ગયેલો એમને ફક્ત વડના ટેટા દેખાયા અને આ કેરી ત્યાંથી જ આવી હતી. બંનેએ એકબીજા સામે જોયુ.

અહીંયા નાસ્તિક અને આસ્તિક બંનેને મનમાં થયું કે ભગવાન જેવી કોઈક શક્તિ છે ખરી અને અણીના સમયે તે મદદ પણ કરે છે, પણ કહે છે ને લાલચની કોઈ સીમા નથી હોતી અને એમાંય જો લાલચ કરનાર બેવકૂફ માણસો હોય તો સમજાવવા કાઠા. બંને મિત્રો વડના બધા ફળ કેરી રૂપે લટકતા દેખાય ત્યારે જ અહીંથી હલીશું એમ વિચારી બેસી રહ્યા. બપોરની સાંજ થઈ બંને અકળાયા. નાસ્તિક પોતે સાચો છે એમ માની હસવા લાગ્યો અને આસ્તિક ભગવાને બે વખત કેરી ખાવા મોકલી પણ એવી રીતે નહીં જેવી રીતે હું ઈચ્છતો હતો એમ વિચારી દુઃખી મને પ્રાર્થના કરવા લાગ્યો.

ભગવાન હવે અકળાયા અને છેલ્લે એક પોલીસવાળાને મોકલ્યો. તેણે, ''રાત પડવા આવી, કોરોનાં કરફ્યુ ચાલી રહ્યો છે અને તમે હજી અહીં શું કરો છો?× કહી દંડો ઉગામ્યો અને આ બંને ત્યાંથી ભાગી એક રિક્ષા રોકી તેમાં બેઠા. આસ્તિક ભાઈના મનમાં ખૂબ પીડા થઈ આવી કે ભગવાને એની વાત ના માની, વડ ઉપર કેરી લગાડી દેવી એમના માટે તો ચપટી વગાડવા જેટલું સરળ છે તોય ના કર્યું. આ વખતે એક જુદો જ ચમત્કાર થયો. નાસ્તિક ભાઈએ કહ્યું, ''તું સાચો છે. ભગવાન છે. આ જો મારા મનમાં જેવું ચિત્ર મેં કલ્પેલું બિલકુલ એવું જ.× એ રીક્ષામાં એક વડના ઝાડનો ફોટો લગાડેલો હતો અને ત્યાં ટેટાની જગ્યાએ કેરીઓ લટકતી હતી.

રીક્ષા ચાલકે કહ્યું કે આ ચિત્ર એના એન્જીનીયર દીકરાએ બનાવ્યું છે. વડનું ઝાડ ખૂબ ઝડપથી ફેલાય છે એના ઉપર જો કેરીઓ આવતી હોય તો કેટલા બધાને ઉપયોગી થાય. વડના ઝાડ ઉપર આંબાની કલમ લગાડવાનો એ પ્રયોગ કરી રહ્યો છે. ભગવાને સાથ આપ્યો તો એક દિવસ આ ફોટામાંની કલ્પના સાચી થઈને રહેશે. પેલા મિત્રો એકબીજા સામે તાકી રહ્યાં. કોઈ કારણ વગર, કોઈ જાતની મહેનત કે આયોજન વગર એ લોકોને વડ ઉપર કેરીઓ લટકતી જોવી હતી. ખરેખર વડના ઝાડ પર કેરી જોવા કામ કરવું પડે જે ચિત્ર દોરનાર છોકરો કરી રહ્યો છે. નવરા બેઠા અશક્ય લાગતા સપના જોવા અને એ સપના પૂરા કરવાની ડ્યુટી ભગવાનને સોંપવી એ તમારી બેવકૂફીનું પ્રમાણપત્ર છે, ભગવાનની હયાતીનું નહિ.- એ વાત બંનેને સમજાઈ ગઈ હતી.

અમસ્તું,

ભગવાન ઉપર શંકા નહિ વિશ્વાસ રાખો અને ધારેલું મેળવવા પ્રયત્ન કરતા રહો.

@kapadianiyati